Volume 1, Issue 11

February

2024

# ટપુક

## E-MAGAZINE

26 – ઓમનગર (3), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી 365601, ગુજરાત

## તાલીમ અને શિક્ષણ

**LAMP કાર્યક્રમ અંતર્ગત જીલ્લા કક્ષાનો SMC-PRI કન્સલ્ટેશન કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની અધ્યક્ષતામાં SMC-PRI, સમુદાય, શિક્ષકો, શિક્ષણવિદ અને શિક્ષણ વિભાગના અન્ય અધિકારીઓ મળી કુલ ૭૦ જેટલા લોકોએ ભાગ લીધો.**









**તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી, સંસ્થા દ્વારા ૧૮ તાલીમાર્થીઓને તેમના બિઝનેસ સ્ટાર્ટઅપ માટે બ્યુટી પાર્લર કીટનું વિતરણ કરવામાં આવ્યું.**







www.sskkamreli.org

info@sskkamreli.org

## સીવણ ક્લાસના તાલીમાર્થી બહેનોને ૧૧મી ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ ભાવનગરના શિશુવિહાર ખાતે પ્રેરણા પ્રવાસ અને પ્રદર્શન મુલાકાત માટે લઇ જવામાં આવ્યા.






## કોટન કનેક્ટ ફાર્મર્સ કોમ્યુનિટી ફાઉન્ડેશનના સહયોગથી મહિના દરમિયાન લાઠીના કેરિયા ગામ અને ખાંભા તાલુકાના જીકિયાળી ગામમાં જ્વેલરી બનાવવા માટેનું વ્યાવસાયિક તાલીમ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું.






## જીકિયાળી ખાતે શિક્ષણ સહાયતા કેન્દ્ર અને શાળા પરિવાર સાથે "વિશ્વ માતૃભાષા દિવસ" અંતર્ગત "પુસ્તક પ્રદર્શન"નું આયોજન કરવામાં આવ્યું.





# આરોગ્ય અને પર્યાવરણ

## ફેબ્રુઆરી મહિના દરમિયાન લાઠી, કેરીયા, ગળકોટડી, શેખ પીપરીયા, જીકિયાળી, ભાડ અને ખાંભા ગામોમાં દેસાઈ ફાઉન્ડેશનના સહયોગથી માસિક સ્રાવની સ્વચ્છતા અંગે જાગૃતિ સભાનું આયોજન કરવામાં આવ્યું.









ટપક E-MAGAZINE
Volume 1, Issue 11
February 2024

## કૃષિ ઉત્પાદકતા અને આપતિજન્ય જોખમો

**૨૦ થી ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમિયાન નાગપુર ખાતે ગુજરાત અને મહારાષ્ટ્રના પીયુ મેનેજર સાથે કોટન કનેક્ટ દ્વારા કાર્યક્રમના વ્યૂહાત્મક આયોજન માટે બેઠક યોજવામાં આવી.**





**કોટન કનેક્ટ માંથી કેતનભાઈએ RIR ડેટા વેરિફિકેશન માટે પીયુ INGJ46 (૧૪ ફેબ્રુઆરી), INGJ48 (૧૫ ફેબ્રુઆરી) અને INGJ45 (૧૬ ફેબ્રુઆરી)ના રોજ મુલાકાત કરી.**





**કેવીકે, અમરેલી ખાતે કોટન કનેક્ટ દ્વારા ૮મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ આબોહવામાં ફેરફાર અનુકુલન અને ઘટાડાનાં પગલાં અંગે TOT તાલીમનું અયોજન કરવામાં આવ્યું જેમાં તમામ PUની ટીમે ભાગ લીધો હતો.**



**BIJ પ્રોજેક્ટ અંતર્ગત ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ માં કુલ ૩૫ ચેકડેમ રીનોવેશનના કામ પૂર્ણ કરવામાં આવ્યા. જેના કારણે ૯.૧૦ લાખ ક્યુબીક મીટર સ્ટોરેજ કેપેસીટીમાં વધારો થયો.**




તા.૧૭ અને ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૪નાં ઉન્નતી સંસ્થાના સહયોગથી નાળિયા માંડવી, ઉના ખાતે ડીઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત ૨૫ જેટલા ભાઈઓ અને ૨૫ જેટલી બહેનો સાથે તાલીમ કરવામાં આવી. જેમાં પ્રાથમિક સારવાર અને બચાવની પધ્ધતિ અંગે ૧૦૮ અને ફાયર વિભાગ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. આ કાર્યક્રમ સરપંચશ્રી નાળિયા માંડવીને સાથે રાખીને પૂર્ણ કરવામાં આવ્યો.







દેવળીયા, નવી ખોખરી અને સાજડિયાળીમાં પીવાના પાણીની પ્રવૃત્તિ પૂર્ણ થઈ (લાભાર્થીઓ ૧૪૧ વિદ્યાર્થી અને ૧૨ ઘર). ૪૨ કુંવાનું (ફાર્મ આઉટલેટ) કામ પૂર્ણ થયું. (૪૨ ખેડૂતોની લગભગ 66.37 હેક્ટર જમીન આવરી ૫૭૪૨૫ જેટલી રકમનો ખેડૂતોને લાભ થયો) આગામી વર્ષ માટે ચેક ડેમના કામનો સર્વે ચાલુ છે. જૂના રાજપીપળા ગામમાં બંધ પાળાની પ્રવૃત્તિ કરવામાં આવી જે ૨.૬૧ હેક્ટર જેટલી જમીનમાં ભેજનું પ્રમાણ વધારવામાં મદદ કરે છે. રિસોર્સ મેપ અને વોટર બજેટિંગની તાલીમ 3 ગામમાં પૂર્ણ થઈ.







GPDP મીટિંગ ૪ ગામોમાં પૂર્ણ કરવામાં આવી, લોકોએ સામૂહિક રીતે તેમના ગામની યોજના તૈયાર કરી.



BAIF ના સહયોગથી ૪૯ થી વધુ પ્રાણીઓને કૃત્રિમ બીજદાન પ્રક્રિયા હેઠળ આવરી લેવામાં આવ્યા. શ્રેષ્ઠ ડેરી પ્રેક્ટિસ માટે 8 ગામોમાં ડેરી તાલીમ પણ પૂર્ણ કરવામાં આવી હતી.



મહિલાઓ માટે ડિજિટલ અને નાણાકીય સાક્ષરતા તાલીમ સાજડિયાળીમાં પૂર્ણ થઈ, અનિડા ગામમાં નાણાંકીય જોડાણ માટે સ્વ સહાય જૂથ માટે રિફ્રેશમેન્ટ કેમ્પ પૂર્ણ થયો.





### વડોદરા જીલ્લાના મંડાળા ખાતે રીલ કાર્યક્રમ અંતર્ગત ખેડૂતોને વર્મી કમ્પોસ્ટની તાલીમ આપવામાં આવી.






### 8 થી 13 ફેબ્રુઆરી 2024 દરમિયાન, REEL પ્રોગ્રામ માટે વડોદરા તાલુકાના ચાર ગામોમાં થર્ડ પાર્ટી એસેસમેન્ટ હાથ ધરવામાં આવ્યું.




**Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here**

GREATNONPROFITS 2023 TOP-RATED NONPROFIT

TRANSPARENCY CERTIFIED GuideStarIndia GOLD VALID TILL JUN 2021 AWARDED TO GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra

Commitment to Transparency Verified, Valid till Dec 2023 GuideStarIndia Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org